Volume 1, Issue 2
September
2024

HARIRAJ CHARITABLE TRUST

NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

સંસ્થા દ્વારા અપાયેલ વિવિધ ડેમો પ્લોટ અને બાયો ઈનપુટ સેન્ટરોની મુલાકાતોનું આયોજન મહિના દરમિયાન થયું જેમાં ભાલોદ્રા ગામના ડેમો પ્લોટની મુલાકાત ૫ સપ્ટેમ્બર, ટાંકા ગામના બાયો ઇનપુટ અને ડેમો પ્લોટની મુલાકાત ૬ સપ્ટેમ્બર, બુજેઠા ગામની મુલાકાત ૨૭ સપ્ટેમ્બર, લીમપુરા ગામની મુલાકાત ૯ સપ્ટેમ્બર અને બગલીપુરા ગામની મુલાકાત ૧૦ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવી.



Share your review

www.hariraj.org info@hariraj.org

૬ સપ્ટેમ્બર ના રોજ ટાંકા ગામે વીણી અને HSSE અંગેની તાલીમ સ્થાનિક ખેડૂત રિકેશભાઈના ઘરે યોજવામાં આવી. જેમાં કુલ ૩૨ ખેડૂતોએ ભાગ લીધો હતો.

કોટનકનેકટની ટીમ દ્વારા ૨૭ સપ્ટેમ્બર ના રોજ બુજેઠા અને ટાંકા ગામના બાયો ઇનપુટ સેન્ટર અને ડેમો પ્લોટની મુલાકાત કરવામાં આવી.

માર્કના ૧૦ ગામોમાં મોનોકોટો જેવી ઝેરી દવાઓથી થતા નુકશાનની જાગૃતતા બાબતે તા. ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન મોબાઈલ વાન અભિયાન કરવામાં આવ્યું. જેમાં લગભગ ૬૦૦ થી ૭૦૦ જેટલા લોકો સહભાગી થયા.

સીએલએ કાર્યક્રમ દ્વારા બાળકોને વિવિધ પ્રવૃતિઓ દ્વારા શીખવાના પ્રયત્નો કરવામાં આવ્યા. અમરેલી જિલ્લાના મોટા માચીયાળા, ભેરાઈ, ભાંકોદર અને કોવાયા ગામોમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી.

સપ્ટેમ્બર મહિનાના લેખન સત્રની શરૂઆત ૩ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ થઇ. પ્રથમ સેશનમાં ૧૦ રિપોર્ટનું વાંચન કરી ચર્ચાઓ થઇ જેમાં ઓગસ્ટ મહિનાનો અહેવાલ, હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થયેલ સંશોધનો, હરિરાજ ચેરીટેબલ ટ્રસ્ટ – કાયદાઓ, વ્યક્તિગત પ્રગતિ અહેવાલ, PRA ઓગસ્ટ, માસિક બેઠકોના અહેવાલ, ૨૯ ઓગસ્ટની મીટીંગની નોંધ, ધ્યેયોનો સમાવેશ કરવામાં આવ્યો. તારીખ ૧૭ સપ્ટેંબરના રોજ ૫ અહેવાલ જોવામાં આવ્યા જેમાં માસિક સમીક્ષા અને આયોજન મીટીંગ, ૭૮ સ્વતંત્ર પર્વ ઉજવણી – ગાંધીનગર રાજભવન, સાયલા તાલીમનો અહેવાલ એફપીઓ લીડ ફાર્મર તાલીમનો અહેવાલનું વાંચન કરી ચર્ચાઓ કરવામાં આવી.



આ મહિના દરમિયાન 5 વાંચન સત્રો યોજાયા. જેમાં ૬ ઓગસ્ટ અંગત મિશન નિવેદન વિશે, ૧૩ ઓગસ્ટ તમારા સંપૂર્ણ મગજનો ઉપયોગ કરવા વિશે, ૨૦ ઓગસ્ટ હોવાપણાના કર્મો અને પ્રાપ્તિ સાથેનો સંબંધ અને ૨૭ ઓગસ્ટ જીવનમાં તમારી ભૂમિકાઓ અને ધ્યેયો ઓળખવા પર ચર્ચાઓ થઈ.



સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં જેન્ડર શિક્ષણ કાર્યક્રમમાં ૪ થી ૬ મોડ્યુલો આવરી લેવામાં આવ્યા હતા. તાલડા ગામે જેન્ડર એજ્યુકેશનના એક્શનનો વર્ગ ચાલુ કરવામાં આવ્યો. સંસ્થામાંથી જાનકીબેન પંડ્યા, માનસીબેન ડોબરિયા અને વનીતાબેન ભીલ દ્વારા કાર્યવિસ્તારની મુલાકાત કરવામાં આવી.

JAFRABAD
Agriculture Producer Company Ltd
HARIRAJ
CHARITABLE TRUST

જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લી.

બિયારણ	સર્ટીફાઈડ બીજ નિગમ મગફળી, ચણા, ઘઉં, BG-2 કપાસનું બિયારણ.
ખાતર	નેનો યુરીયા, એરંડાનો ખોળ, સુક્ષ્મ પોષક તત્વો, એન.પી.કે., મેક્ષી મિક્સ, સલ્ફર, ઝીંક, વર્મી કમ્પોસ્ટ.
ઓર્ગેનિક ઈનપુટ	ટ્રાઈકોડર્મા વરડી, નીમ ઓઈલ, મેટારીઝીયમ, માઈકોરાઈઝા,હ્યુમિક, એસીડ, એમીનો એસીડ, રેઝીસ્ટ, બાયો કોનીમ વર્ધક, રીચ વીટા, સુપર કોટ.

એડ્રેસ : મું.ટીંબી, કિસાન મોલ પાસે, મોલી રોડ, તા. જાફરાબાદ, જી.અમરેલી–૩૬૨૭૩૦.
મો. ૭૦૧૬૨ ૭૨૪૨૩

Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : **Click here**

GREAT NONPROFITS
2024 TOP-RATED
NONPROFIT

Commitment to Transparency Verified. Valid till Dec 2023
GuideStarIndia
Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review

www.hariraj.org
info@hariraj.org